અપીલ અરજી નં.૬૮૬ તા.૧૨–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભૂતવાલા
સામાવાળા :– ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–રાંદેરઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાલાની તા. ૦૭–૦૨–૧૨ની અરજીથી હાલમાં જે છેલ્લા કેટલાક સમયથી નાગરિક સુવિધા કેન્દ્ર મુગલીસરા ખાતે સુરત ડીસ્ટ્રીકટની હદમાં આવેલી તમામ મિલ્કતોની તમામ વિગતો જણાવવાનું સર્વર મૂકવામાં આવેલું છે. હમો અરજદારની માંગણી એ છે કે સદરહુ સર્વરમાં નીચે જણાવેલી મિલ્કત કે જેના ટેના.નં. ૯૨એ–૨૧–૦૨૮૫–૦–૦૦૧, વોર્ડ નં. /ટીપી. મોજે ૯૨ ડી/ નોંધ નં. સોસા./ફા. પ્લોટ નં/રેસી.૩૧૮,બ્લોક નં. ૨૯૬, ટીપી ૧૪ આ સદરહુ મિલ્કતના માલિક તરીકે નાથુભાઈ દેવજીભાઈ સોસા જણાવેલું છે તથા સરનામું ૮, સ્મોલ પાર્ક, સ્નેહ સંકુલ વાડી કયા આવેલી છે તે સ્પષ્ટપણે જણાવવા નમ્ર વિનંતી વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૬/૨૦૧૧–૧૨

શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાલાની તા. ૦૭–૦૨–૧૨ની અરજીથી હાલમાં જે છેલ્લા કેટલાક સમયથી નાગરિક સુવિધા કેન્દ્ર મુગલીસરા ખાતે સુરત ડીસ્ટ્રીકટની હદમાં આવેલી તમામ મિલ્કતોની તમામ વિગતો જણાવવાનું સર્વર મૂકવામાં આવેલું છે. હમો અરજદારની માંગણી એ છે કે સદરહુ સર્વરમાં નીચે જણાવેલી મિલ્કત કે જેના ટેના.નં. ૯૨એ–૨૧–૦૨૮૫–૦–૦૦૧, વોર્ડ નં. /ટીપી. મોજે ૯૨ ડી/ નોંધ નં. સોસા./ફા.પ્લોટ નં/રેસી.૩૧૮,બ્લોક નં. ૨૯૬, ટીપી ૧૪ આ સદરહુ મિલ્કતના માલિક તરીકે નાથુભાઈ દેવજીભાઈ સોસા જણાવેલું છે તથા સરનામું ૮, સ્મોલ પાર્ક, સ્નેહ સંકુલ વાડી કયા આવેલી છે તે સ્પષ્ટપણે જણાવવા નમ્ર વિનંતી વિ. માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં./૧૦૯૪ તા.૨૩–૨–૧૨થી મળેલ જવાબ સદંતર ખોટો હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૩–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા, ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૩૭ તા. ૨૦–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારને ખોટી માહિતીના દાવા અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૮ તા. ૧૬–૪–૧૨થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૨૭૬ તા. ૭–૨–૧૨થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેરશ્રી રાંદેઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ/આઉટ નં./૧૦૯૪ તા. ૨૩–૨–૧૨ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૦૭–૦૨–૧૨ની અરજીથી હાલમાં જે છેલ્લા કેટલાક સમયથી નાગરિક સુવિધા કેન્દ્ર મુગલીસરા ખાતે સુરત ડીસ્ટ્રીકટની હદમાં આવેલી તમામ મિલ્કતોની તમામ વિગતો જણાવવાનું સર્વર મૂકવામાં આવેલું છે. હમો અરજદારની માંગણી એ છે કે સદરહુ સર્વરમાં નીચે જણાવેલી મિલ્કત કે જેના ટેના.નં. ૯૨એ–૨૧ –૦૨૮૫–૦–૦૦૧, વોર્ડ નં. /ટીપી. મોજે ૯૨ ડી/ નોંધ નં. સોસા./ફા.પ્લોટ નં/રેસી.૩૧૮,બ્લોક નં. ૨૯૬, ટીપી ૧૪ આ સદરહુ મિલ્કતના માલિક તરીકે નાથુભાઈ દેવજીભાઈ સોસા જણાવેલું છે તથા સરનામું ૮, સ્મોલ પાર્ક, સ્નેહ સંકુલ વાડી કયા આવેલી છે તે સ્પષ્ટપણે જણાવવા નમ્ર વિનંતી. ખાસ નોંધઃ– આ મિલકત પાલ અડાજણ રોડ પર આવેલી નીલધારા રો–હાઉસ સોસાયટી પૈકી ફકત ૧૪ નંબરની છે જે આપની જાણ ખાતર. માટે મને આ મિલકતના સરનામામાં બતાવવામાં આવેલી સ્નેહ સંકુલ વાડી સુરતમાં કયાં આવેલી છે તે જણાવવા મહેરબાની કરશોજી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૦૯૪ તા. ૨૩–૨–૧૨થી નિયત સમય અવધિમાં " સદર અરજીમાં જણાવેલ મિલકતના ટેનામેન્ટ નંબર ૯૨એ–૨૧–૦૨૮૫–૦–૦૦૧ સંદર્ભે રાંદેરઝોન કચેરીના રેકર્ડ ઉપર સરનામું નીચે મુજબ નોંધાયેલ છે : ૧૪, નીલધારા રો–હાઉસ, આમ્રપાલી રો–હાઉસ, પાલગામ, સુરત. વધુમાં સદર મિલકત બાબતે પત્રવ્યવહારનું સરનામુ : ૦૮, સ્મોલ

પાર્ક–સ્નેહ સંકુલની સામે, પ્રથમ રો–હાઉસ સામે, અડાજણ જણાવેલ છે. સ્નેહ સંકુલ વાડી રાંદેરઝોનની માહિતી મુજબ આનંદ મહલ રોડ, અડાજણ ખાતે આવેલ છે." તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૨–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલનું કારણ સદંતર ખોટો જવાબ છે તેવું જણાવેલ છે. તેના કોઈ આધાર જણાવેલ નથી. પરંતુ અરજદારે સ્નેહ સંકુલ વાડી કયાં આવેલ છે તેવું જણાવેલ નથી. તેવી રજુઆત કરેલ છે. વધુમાં નારાજગીનું કારણ સામે સ્નેહ સંકુલની વાડી આવેલ નથી તથા પ્રથમ રો–હાઉસ સામે કે આજુબાજુમાં સ્મોલ પાર્ક નામની કોઈ સોસાયટી આવેલ નથી. સદર મિલકત બાબતે પત્ર વ્યવહારનું સરનામુ નથી પૂછેલું તો પછી સદર મિલકત બાબતે પત્ર વ્યવહારનું સરનામું શા માટે જણાવો છો. દફતરે નોંધાયેલ મિલકતનું તથા પત્ર વ્યવહાર પૂરેપૂરી વિગત ન દર્શાવવા માહિતી અધુરી ગણાય તેથી જાહેર માહિતી અધિકારી નોંધણી કરેલ પૂરેપૂરું સરનામું દર્શાવેલ જે યોગ્ય છે. વધુમાં અત્રેથી બંને પક્ષકારોને પૂરક વિગતો અંગે આરટીઆઈ સેલ/૨૦૩૭થી પત્ર પાઠવીને તક આપવા છતાં કોઈપણ પક્ષકારે વેરાબીલ, આકારણી એસેસમેન્ટ નકલ કે પાર્ટી સ્ટેટસ જેવા દસ્તાવેજી પુરાવા સહિત તેમનો પક્ષ રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપવામાં આવેલ જવાબમાં સદર ટેના. નં. ૯૨એ–૨૧–૦૨૮૫–૦–૦૦૧ જેનું સરનામુઃ ૧૪ નીલધારા રો–હાઉસ, આમ્રપાલી રો–હાઉસ, પાલગામ, સુરત જણાવેલ છે. વધુમાં અરજદારે સ્નેહ સંકુલ વાડી કયાં આવેલી છે જે અંગે સ્નેહ સંકુલ વાડી આનંદ મહલ રોડ અડાજણ ખાતે આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ અરજદારને સ્નેહ સંકુલ વાડીના નામે ઓળખાતી આનંદ મહલ રોડ અડાજણ ખાતે આવેલ હકીકતલક્ષી માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. આથી અરજદારે સ્નેહ સંકુલની વાડી સુરતમાં કયા આવેલી છે તે જણાવવામાં આવ્યું નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આનંદ મહલ રોડ અડાજણ જણાવેલ હોવાથી ખોટી માહિતી હોવાની કરેલી રજુઆતને સમર્થન મળતું નથી. વધુમાં આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારીએ પુરી પડાયેલ છે. અરજદારનો પ્રશ્ન ખોટું સરનામું દફતરી રેકર્ડ ઉપર હોય તો તેવી માહિતી આપવાથી માહિતી ખોટી થઈ જતી નથી. સદરહું કેસ જોતાં અરજદારનો પ્રશ્ન ખોટું દફતરે ચડેલ સરનામાને લગતો પ્રશ્ન જણાય છે. જે અંગે જો ખોટું સરનામું દફતરી રેકર્ડ ઉપર ચડેલ હોય તો તે સુધારવા અંગે કાર્યવાહીને લગતી બાબત છે જે અંગે ખાતાના સ ક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૨–૩–૧૨ ધ્યાને લેતાં ૧૦–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૭–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પડાયેલ હોય, અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જયારે અરજદારનો પ્રશ્ન ખોટું દફતરે ચડેલ પત્ર વ્યવહારના સરનામાને લગતો જણાય છે. જે બાબત કાર્યવાહીને લગતી હોય તે અંગે અરજદાર ઈચ્છુક હોય અને તેમાં હિતધારક હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, ડે.કમિશ્નર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–રાંદેરઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાલા,